Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

89

# બોટાદની ઐતિહાસિક ઉત્ક્રાંતિ: પ્રાચીન વસાહતોથી આધુનિક નગરપાલિકા સુધી

**નિલેશ ડાબસરા**

રીસર્ચ સ્કોલર, ઈતિહાસ, સુરેન્દ્રનગર યુનિવર્સિટી, વઢવાણ શહેર

**સારાંશ**

ગુજરાત રાજ્યમાં સ્થિત એક જીવંત શહેર એ બોટાદ જિલ્લા તરીકે સેવા નાગરિકોને ઉમદા સેવાઓ પૂરી પાડી રહ્યું છે. આ શહેર વ્યૂહાત્મક રીતે ઘણા મહત્વપૂર્ણ રસ્તાઓના આંતરછેદ પર સ્થિત છે, જે પ્રદેશમાં પરિવહન અને વાણિજ્ય માટે મહત્વપૂર્ણ કેન્દ્ર બનાવે છે. તે ભાવનગરથી અંદાજે 92 કિલોમીટર દૂર છે અને રાજ્યના મુખ્ય શહેર અમદાવાદથી 133 કિલોમીટર દૂર છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલ બોટાદ જિલ્લો ગુજરાત રાજ્યના ભાવનગર અને અમદાવાદ જિલ્લામાંથી નવો બનાવવામાં આવ્યો છે જેથી તેના ઇતિહાસના મૂળ ભાવનગર જિલ્લામાં સાથે સામેલ જોવા મળે છે. આમ, એક જિલ્લા તરીકે તાજેતરમાં જ અસ્તિત્વમાં આવેલ ગુજરાત રાજ્યના બોટાદ જિલ્લાનું અધ્યયન કરી તેની ઐતિહાસિકતા બહાર લાવવા પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવેલ છે.

**ચાવીરૂપ શબ્દો:** બોટાદ, ઐતિહાસિક બોટાદ, બોટાદ નગરપાલિકા, બોટાદની ઉત્ક્રાંતિ

## 1. પ્રસ્તાવના

બોટાદ વિષે માર્ગદર્શન આપતા ઈતિહાસકાર **ડૉ. કુમારપાળ પરમાર** જણાવે છે કે "ગુજરાતના હૃદયમાં વસેલું, બોટાદ પોતાની જીવંત સંસ્કૃતિથી મુલાકાતીઓને મંત્રમુગ્ધ કરે છે, જ્યાં મહિલાઓ દ્વારા પહેરવામાં આવતી

ગુજરાતી સાડીઓનો આકર્ષક પ્રભાવ અને પુરુષોને શણગારતા કુર્તા-ટ્રાઉઝરની કલાત્મક લાવણ્ય સાથે સુમેળ કરે છે."

સંશોધક **નિલેશ ડાબસરા**નું માનવું છે કે "ઐતિહાસિક જાજરમાન ક્લોક ટાવર, મહારાજા કૃષ્ણ કુમાર સિંઘજી અને તખ્ત સિંઘજીના શાહી વારસાના પ્રમાણપત્ર અને સિવિલ એન્જિનિયર તુલસી મિસ્ત્રીની સ્વપ્નદ્રષ્ટા ભાવનાથી જન્મેલા માળખાકીય રત્ન, મોહક તાજિયો જેવા આકર્ષણોનું વર્ણન બોટાદ શહેર કરે છે.

ગુજરાત રાજ્યના ભાવનગર અને અમદાવાદ જિલ્લામાંથી નવો બનેલ બોટાદ જિલ્લો ભાવનગરથી અંદાજે 92 કિલોમીટર દૂર છે અને અમદાવાદથી 133 કિલોમીટર દૂર છે. જિલ્લોના ઉત્તરપૂર્વમાં સુરેન્દ્રનગર, પશ્ચિમમાં રાજકોટ અને દક્ષિણમાં ભાવનગર અને અમરેલીથી ઘેરાયેલ છે, જ્યારે બોટાદના પૂર્વમાં અમદાવાદ જિલ્લો આવેલો છે, જે રાજ્યની વ્યૂહાત્મક સ્થાનમાં વધુ ફાળો આપે છે.

## 2. ભૌગોલિક દ્રષ્ટિએ બોટાદ

બોટાદ શહેર એક મનોહર સ્થાન પર ભૌગોલિક રીતે 71°67' ઉત્તર અક્ષાંસ થી 22°17' પૂર્વ રેખાંશ વચ્ચે વસેલું છે. તેની પૂર્વ અને પશ્ચિમ બાજુએ નીચી ટેકરીઓથી ઘેરાયેલું છે, જે ખીણ જેવું વાતાવરણ બનાવે છે, જે 2,564 ચોરસ કિલોમીટરના વિસ્તારને આવરી લે છે. આ વિસ્તારમાં વિવિધ પ્રવાહોના સંગમથી નાની પણ નોંધપાત્ર ઉતાવલી નદી બને છે. ઉતાવલી ક્રીક શહેરમાંથી પસાર થાય છે અને તે ટેન ડ્રેઇન્સ પાસે મધુ ક્રીક દ્વારા જોડાય છે, જે વિસ્તારની કાળુભાર, સુખભાદર, ઘેળો, ઉતાવળી, ગોમા વગેરે મુખ્ય નદીઓ તેની કુદરતી સુંદરતામાં વધારો કરે છે.

બોટાદમાં ઉષ્ણકટિબંધીય ભીનું અને શુષ્ક વાતાવરણ રહે છે, જેમાં માર્ચના મધ્યથી મધ્ય જૂન સુધી ગરમ, સૂકો ઉનાળો અને મધ્ય જૂનથી ઓક્ટોબર સુધી ચોમાસાની (ભીની) ઋતુ (જ્યારે સરેરાશ વરસાદ 620 મિલીમીટર એટલે કે 24 ઇંચ) હોય છે. નવેમ્બરથી ફેબ્રુઆરી સુધી હવામાન હળવું હોય છે, જેનું સરેરાશ તાપમાન આશરે 20 °C (68 °F) હોય છે અને ભેજ ઓછો હોય છે. મે અને જૂનમાં ચોમાસા પછીના સમયગાળા કરતાં ઓછો વરસાદ અને પવન હોય છે. જૂન અને જુલાઈમાં વાવાઝોડા વારંવાર આવે છે અને

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

શિયાળામાં ધુમ્મસ સામાન્ય છે. ઉનાળામાં તાપમાન 24 થી 42 °C (75 થી 108 °F) અને શિયાળામાં તાપમાન 10 થી 22 °C (50 થી 72 °F) સુધીનું જાય છે.

ઇ.સ.1947માં ભારતને આઝાદી મળતા સૌરાષ્ટ્રના 222 સહિત હિન્દના કુલ 562 જેટલા દેશી રજવાડાનું ભારત સંઘમાં વિલિનીકરણ થયું. ત્યા સુધી (આશરે સાત સૈકા સુધી) ગોહિલ રાજવંશે પોતાની એકહથ્થુ સત્તા ટકાવી રાખી અને સ્થાનિક તેમજ વંશાનુગત ઇતિહાસક્ષેત્રે તે ઉલ્લેખનીય બની ગયો. ઇ.સ.1956માં સૌરાષ્ટ્ર રાજ્ય મુંબઇ રાજ્યમાં સમાવિષ્ટ થયા પછી 1, જુલાઇ 1959ના રોજ જિલ્લાઓની પુનઃ રચના થતાં ગોહિલવાડ જિલ્લાને ભાવનગર જિલ્લો એવુ નામાભિધાન આપવામાં આવ્યું. જે 1, મે 1960ના રોજ દ્વિભાષી મુંબઇ રાજ્યમાંથી ગુજરાત રાજ્યનો ઉદ્ભવ થયા બાદ આજે પણ ચાલુ રહ્યો છે. આઝાદી પછી ભાવનગરમાં 12 તાલુકાઓ હતાં. પરંતુ સમયાંતરે કુંડલા તાલુકાને અમરેલીમાં ભેળવી દેતા આ જિલ્લો 11 તાલુકા રહ્યા. તે સમયે બોટાદ તાલુકાનો સમાવેશ ભાવનગર જિલ્લામાં થતો હતો.

વર્તમાનમાં બોટાદમાં ગઢડા, રાણપુર, બરવાળા અને બોટાદ એમ કુલ ચાર તાલુકાઓ આવેલા છે. બોટાદએ કાઠિયાવાડ પ્રદેશના પ્રવેશદ્વાર તરીકે મુખ્ય સ્થાન ધરાવે છે, જે પ્રવાસીઓને ગધાડા, લાઠી અને અમરેલી જેવા સ્થળો તરફ દોરી જાય છે. તે ગોહિલવાડ (ભાવનગર તરફ), ઝાલાવાડ (લીંબડી અને સુરેન્દ્રનગર સહિત) અને પંચાલ (પાળીયાદ, વિંછીયા અને જસદણ તરફ) ને જોડે છે.

### 3. બોટાદ શહેરની સ્થાપના

ઐતિહાસિક સંશોધન પ્રમાણે બોટાદની સ્થાપનાના સંદર્ભે, જોઇએ તો લોકોકિત અનુસાર બોટાદ ભોજભાઇ ખાચરે ઇ.સ.166 એટલે કે સવંત 1722માં આ ગામ પાંચ ગામ ભાંગીને વસાવ્યુ. જેમાં ભોમવદર, સમળી, ધોળી, સાંઢગઢ અને ભોજાવદરનો સમાવેશ થતો. આજે સાંઢગઢના અવશેષો નવહથ્થા હનુમાન મંદિરના પાછળના ભાગમાં દેખાય છે. તો ઉત્તર દિશામાં "સમળીની ધાર" તરીકે ઓળખાય છે. લાતીની બાજુમાં રેલ્વે સ્ટેશનના રસ્તા પર આજે પણ અવાડા તરીકે સ્થળ જોવા મળે છે.

બારોટના ચોપડાની વિગત પ્રમાણે ચાવડા શાખના સતવારાએ તાજપરના જાંપે સાનગઢ, ભોજાવદર અને સમળી એમ ત્રણ ગામ ભાંગી બોટાદનું તોરણ બાંધ્યુ. જે પ્રમાણે ભોજભાઇ ખાચરે ગામ વસાવ્યા બાદ

સતવારાએ બોટાદનું તોરણ બાંધ્યુ છે. ભોમવદર અને ધોળી બંને બોટાદમાં ભળી ગયાં હતાં. સમય જતાં ઉતાવળી અને મધુ નદીના વચ્ચે એક મોટા ટેકરા ઉપર આ ગામ વસાવ્યું. આ બંને નદીઓના સંગમ હાલના નવનાળા પાસે થાય છે. ગામોના નામો વનસ્પતિઓ, સ્થળો કે પર્વતો અને વ્યક્તિ વિશેષ પરથી પડેલા જણાય છે. બોટાદનો અર્થ બોટ+આદનો સમૂહ થતા 'બોટાદ' થાય છે. જેમાં બોટ શબ્દ સંસ્કૃત છે. જેનો અર્થ ગોરખમૂડી (ગોખરુ) થાય છે. આદ એટલે સ્થળ થાય. આમ જ્યાં ગોરખમૂડી વનસ્પતિ છે તેવું સ્થળ.

સેજકજીએ સેજકપુરની સ્થાપના કરી તેના ભાઈઓ દયાળજીને પાળિયાદ, મેઘાજીને ઝમરાળા, દુદાજીને તુરખા અને સોનકજીને બોટાદની આસપાસના પ્રદેશો મળ્યા. મહમદ બેગડાના સમયમાં બોટાદ ગામ પ્રકાશમાં આવે છે. જ્યારે લખધીરસિંહ પરમારના ભાઈ હાલોજી પરમાર મેલેસલામ બન્યા. તેમના નાનાભાઈ પણ મુસ્લિમ બન્યા જેને બોટાદની ચોવીસી આપવામાં આવી. સમય જતા તેઓ બોટાદ ત્યજીને ધોળકા ચાલ્યા ગયા. ઈ.સ. 1789માં કુંડલા, લીલીયા, સલડી, ચીંતલ, ગઢડા, જસદણ, બોટાદ, ધેડ - બરવાળા વગેરે ગામોમાં ખાચર- ખુમાણ અને વાળા શાખના કાઠીઓનું વર્ચસ્વ હતું. કાઠીઓનું આ વર્ચસ્વ તોડવા ભાવનગરના વખતસિંહજીએ કાઠીઓના થાણા પર આક્રમણ કર્યું. કાઠીઓ હારી જતા ઇ.સ.1792માં તેમણે બોટાદમાં પોતાનું થાણું સ્થાપ્યું. બોટાદ સમય જતા ભાવનગર રાજ્યના તાબામાં 1798ની આસપાસ આવ્યું હતું.

## 4. ઐતિહાસિક દૃષ્ટિએ બોટાદ

અગાઉ જોયું તે પ્રમાણે બોટાદનો ઈતિહાસ ભાવનગર સાથે ખાસ સંકળાયેલ છે, જેથી બોટાદનો ઈતિહાસ સમજવા માટે તેને ભાવનગર સાથે સાંકળીને જોવા વધુ અનુકુળ રહેશે.

### 4.1 તખ્તસિંહજીના સમયે ભાવનગર રાજ્ય અને બોટાદ

ઇ.સ.1970ના એપ્રિલમાં જસવંતસિંહજીના નવેક મહિનાની માંદગીને કારણે સ્વર્ગવાસ થયા પછી તખ્‌સિંહજીને 24-03-1970 ના રોજ ગાદીસીન કર્યા. પરંતુ 1867 પહેલા રાજવીના મૃત્યુ સમયે પાટવીકુંવર સીર હોય તો રાજ્યનો વહિવટ રાજવીના માતાશ્રી અથવા વિશ્વાસુ કારભાર ચલાવે તેવી પ્રથા હતી. તેથી તેમની સગીર વય દરમિયાન સંયુક્ત વહિવટ ચાલતા સંયુક્ત વહિવટ દરમિયાન સ્થાનિક સ્વશાસનને ઉત્તેજન આપવા માટે રાજ્યે ઈ.સ. 1867માં ભાવનગર શહેર સુધારાનો કાયદો પસાર કર્યો અને મુંબઈ સરકારે 06-10-

1871 ના ઠરાવ નં. 47થી મંજુરી આપી હતી. તે દ્વારા ભાવનગર શહેર સુધરાઈની સ્થાપના કરવામાં આવી. ત્યાર બાદ ઇ.સ.1871માં ભાવનગર રાજ્યમાં મહુવા, કુંડલા, શિહોર અને બોટાદમાં સુધરાઈ બંધારણ લાગું કરવામાં આવ્યું. જેમાં સુધારાઈના મુખ્ય કાર્યો નીચે મુજબ હતા. રસ્તાની સડકો બનાવવી, સડકો પર પાણી છાંટવુ દીવાબત્તી ફાનસો મુકવા, આગથી બચવા માટે પાણીનો મોટા બંબા રાખવા. 31 એજ સમયે (ઇ.સ.1971) માં શિહોર, કુંડલા, મહુવા અને બોટાદની પ્રાથમિક શાળાઓનું સેકંડ ગ્રેડ એવી સ્કૂલમાં રૂપાંતર કરવામાં આવ્યુ. જેથી ભાવનગરમાં અંગ્રેજી માધ્યમની હાઇસ્કૂલો શરૂ થઇ અને તેના વર્ગો બોટાદમાં પણ શરૂ કરવામાં આવ્યા હતા.

### 4.2 ભાવસિંહજી-2 જાના સમયે ભાવનગર રાજ્ય અને બોટાદ

ઇ.સ.1896માં તખ્તસિંહજીનું અવસાન થતાં 10-02-1896ના રોજ વિધિસર રાજ્યાભિષેક કરી ભાવસિંહજી-2જા ને ભાવનગર રાજ્યની સંપૂર્ણ સત્તાના સૂત્રો સોંપવામાં આવ્યા હતા. તેમના 25 વર્ષના (1896 થી 1919) શાસન દરમિયાન રાજ્યની સામાજિક અને આર્થિક પરિસ્થિતિને વ્યાપક અસર કરે તેવા પ્રસંગો બન્યાં હતાં. તેમ છતાં મહત્ત્વના સુધારાઓ આપી પોતાની દીર્ઘદૃષ્ટિ છતી કરી હતી. જેમાં ભાવનગર રાજ્યમાં આરોગ્યક્ષેત્રે કરેલા સુધારાઓ અતિ ઉપયોગી હતા. તેમની કામગીરી જોઈને તત્વકાલીન મોલિ, એજન્ટ લેફ. કર્નલ જે. એમ. હંટરે (1896 થી 1901) પ્રશંસા કરી હતી.

રાજ્યની વસતી વધતા માણસોની અને માલની હેરફેરમાં પણ વધારો થયો હતો, તેથી ભાવનગર રાજ્યમાં 120 માઈલ એટલે કે 192 કિ.મી. ની રેલવે લાઈન હતી. તેમાં 141 કિ.મી. ની રેલવે લાઈન વધારી 313 કિ.મી. ની કરી, તેની વિગતો નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| શિહોરથી પાલિતાણાની રેલવે લાઈન | 18 માઈલ | 28.8 કિ.મી. |
| ઢસાથી કુંડલાની રેલવે | 36 માઈલ | 37.6 કિ.મી. |
| બોટાદથી જસદણ રેલવે | 34 માઈલ | 54.4 કિ.મી. |

| | | |
|---|---|---|
| કુલ | 88 માઈલ | 140 કિ.મી. |

આમ, રેલ્વેના બાંધકામ માટે અને સમયસર નાણા મળી રહે તે માટે "રેલ્વે રિઝર્વ ફંડ" ઉભુ કર્યું હતું.

**4.3 કૃષ્ણકુમારસિંહજીના સમયે ભાવનગર રાજ્ય અને બોટાદ:**

કૃષ્ણકુમારસિંહજી સગીરવયના હોઇ ઇ.સ. 1919 ના રોજ ભાવસિંહજી 2જાના અવસાન પછી 1930 સુધી ભાવનગર રાજ્યનો વહિવટ સર પ્રભાશંકર પટ્ટણીના અધ્યક્ષસ્થાને રચાયેલ સમિતિને સોંપ્યો હતો અને 1931માં તેમને રાજ્યાભિષેક કરવામાં આવ્યો હતો. તેમના શાસન દરમિયાન આર્થિક, વહીવટી, પ્રજાકલ્યાણ કાર્યો, કેળવણી વિષયક સુધારાઓ કર્યાં હતા. તેઓ સ્પષ્ટ માનતા હતા કે "શિક્ષિત પ્રજા એ રાજ્યના વિકાસનો મુખ્ય આધાર છે." તેમની આ વિચારધારાના આધારે તેમણે રાજ્યમાં કેળવણીનો વિકાસ કરી 521 જેટલી શૈક્ષણિક સંસ્થાઓ તેમના રાજ્યમાં હતી. આ ઉપરાંત ખાનગી સંસ્થાઓના વિધાર્થીઓને રૂા.16,700 ની દર વર્ષે રાજ્ય તરફથી સ્કોલરશીપ આપવામાં આવતી હતી. બહારગામના વિધાર્થીઓને રહેવા માટે કુલ 14 વિધાર્થીગૃહો ભાવનગરમાં હતા. આ સિવાય 3 મહુવા, 2 બોટાદ, 2 કુંડલામાં પણ છાત્રાલયો સ્થાપવામાં આવ્યા હતા.

**5. સ્વાતંત્ર્ય સંગ્રામમાં બોટાદનું પ્રદાન:**

- **સવિનય કાનૂન ભંગ:** ઇ.સ.1930ની 2જી માર્ચે ગાંધીજીએ વાઇસરોય લોર્ડ ઇરવિનને એક પત્ર પાઠવી 12, માર્ચ 1930 ના રોજ સત્યાગ્રહ લડતનો પ્રારંભ કરવાનું જણાવ્યું હતું. ગાંધીજીએ આ પત્રનો જવાબ વેળાસર આપવા અને તેને ધમકી ન સમજતા યોગ્ય સમજવા વિનંતી કરી હતી. અંગ્રેજ સરકારે કોઇ પ્રત્યુત્તર ન આપતા તેના પરિણામે દાંડીકૂચનો ઐતિહાસિક બનાવ અસ્તિત્વમાં આવ્યો. જેની અસર ભાવનગર રાજ્યમાં થઇ હતી. બોટાદના શ્રી શિવલાલભાઇએ ઇ.સ.1930 મીઠાના સત્યાગ્રહમાં 19 વર્ષની વયે રાણપુર ખાતે ભાગ લીધો. તેમની સાથે શ્રી વીરચંદભાઇ શેઠ, મોતીલાલ સોપાન, ચંદુલાલ વૈધ, ગુલાબચંદ ઉજમશીભાઇ વગેરે સાથીઓ હતાં.

શિવલાલ બારભાયા કેદી નં. 2235 સાબરમતી જેલમાં સજા કાપવા લાગ્યાં. ત્યાંથી સજા ભોગવી છૂટ્યા પછી ફરી શિવલાલ સત્યાગ્રહમાં જંપલાવવા થનગનતા રહ્યાં. ત્યારબાદ ઈ.સ.1932માં ધોલેરા ખાતે વિદેશી કાપડનું પિકેટીંગ અને પ્રતિબંધિત સાહિત્યનું વેચાણ કરતા પકડાઇ ગયા. એ વખતે ગંગાબહેન હરજીવન ઠક્કર પણ તેની સાથે હતા. તા.07-10-1932ના દિવસે સજા પામેલ શિવલાલ બારભાયાને તારીખ 17-10-1932 ના રોજ નાસિક જેલમાં લઈ જવામાં આવ્યા. યરવડા જેલમાં 'સી' કલાસના સ્વાતંત્ર્ય સૈનાનીઓ રોજ ફરિયાદોના ઢગલાઓની થપ્પીઓ મૂકી અ સ્વ.બળવંતરાય મહેતાના નેતૃત્વ નીચે તેમાં ભાગ લીધો હતો.

- **હિંદ -છોડોની ચળવળ:** 8, ઓગસ્ટ 1942ના રોજ મુંબઈમાં કોંગ્રેસ મહાસભાના અધિવેશનમાં "હિંદ-છોડો" લડતમાં ભાવનગરમાં ગુણવંતભાઇ વડોદરિયા અને ભાનુશંકર પણ જોડાયા હતા. સૌરાષ્ટ્રમાં વિકાસ પામેલી ભાંગફોડ પ્રવૃત્તિ અને સંદેશા વ્યવહારના સાધનો ખોરવી નાખવાની કામગીરીશ્રી રતુભાઇ અદાણી તેમજ સાથીદારો ચલાવતા. તેમા ગુણવંતભાઇ જોડાયેલા. આ ઉપરાંત ભાનુશંકરને 1942 ની હિંદ-છોડો ચળવળમાં ભાગ લેવા બદલ (મુંબઈ) થાણાની જેલમાં ત્રણ માસની સજા ભોગવવી પડી.

શ્રી ગુણવંતભાઇ લોકજાગૃત્તિ લાવવા માટે તેમની વાનરસેના મારફતે પોસ્ટરો અને પત્રિકાઓ વહેંચતા ભીખુભાઈ ધ્રુવ જે 'ક્રાંતિ' પત્રિકા છાપતાં હતાં, તેને ભાવનગર પહોંચાડવાની જવાબદારી ગુણવંતભાઈ નિભાવતા, ગામડે-ગામડે પત્રિકાઓ પહોંચાડવા માટે બ્રુકબોન્ડ ચાના ખોખા વાપરતા. આ પત્રિકા પ્રેમચંદભાઈ શાહને સોંપતા. આ સમય દરમિયાન તેઓ ભાંગફોડ પ્રવૃત્તિમાં સક્રિય રીતે જોડાયેલ. રેલ સડકની બાજુમાં ગોઠવાયેલા સિગ્નલના તારના દોરડા કાપવાની પ્રવૃત્તિમાં સામેલ થયા. ભૂગર્ભ પ્રવૃત્તિના સાધનો ભાવનગરથી બોટાદ, અને જોરાવનગર પહોચાડવાનું કાર્ય પણ તેઓ કરતા. આ લડતમાં રતુભાઈ અદાણી અને ગુણવંતભાઈની આગેવાની હેઠળ થાંભલા તોડવાની પ્રવૃત્તિ વેગવાન બનેલી. સૌ પ્રથમ સોનગઢ-સણોસરા વચ્ચે વાયરો કાપી, થાંભલા તોડવાની પ્રવૃત્તિમાં ગુણવંતભાઈ જોડાયેલા.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

## 6. ઉપસંહાર

બોટાદ, તેના સમૃદ્ધ ઇતિહાસ અને સાંસ્કૃતિક વારસા સાથે એક મનમોહક સ્થળ જેવું લાગે છે. શહેરની ભૌગોલિક વિશેષતાઓ, ટેકરીઓથી ઘેરાયેલા અને નદીઓથી છેદે છે, તેના કુદરતી આકર્ષણમાં વધારો કરે છે. ઉષ્ણકટિબંધીય ભીનું અને શુષ્ક વાતાવરણ, ગોહિલ વંશના ઐતિહાસિક મૂળ અને ગુજરાતમાં તેનું વ્યૂહાત્મક સ્થાન બોટાદને એક અનન્ય સ્થળ બનાવે છે.

બોટાદની સ્થાપના સદીઓથી તેની ઓળખને આકાર આપતી દંતકથાઓ અને ઘટનાઓ સાથે ઇતિહાસમાં ડૂબી ગઈ છે. ઈ.સ. 166માં ભોજભાઇ ખાચર દ્વારા સ્થાપનાથી લઈને વિવિધ શાસકો હેઠળના વિકાસ સુધી, બોટાદ કાઠિયાવાડ ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ શહેર તરીકે વિકસિત થયું છે.

સ્વાતંત્ર્ય સંગ્રામમાં બોટાદનું યોગદાન તેના લોકોની સ્થિતિસ્થાપકતા અને ભાવના દર્શાવે છે. સત્યાગ્રહ અને આંદોલન જેવી ચળવળોમાં સક્રિય ભાગીદારી આઝાદીની લડાઇ માટે શહેરની પ્રતિબદ્ધતાને પ્રતિબિંબિત કરે છે.

બોટાદના ઐતિહાસિક સીમાચિહ્નો, જેમ કે ક્લોક ટાવર, તાજિયો અને બોટાદ તળાવ, તેની સ્થાપત્ય અને સાંસ્કૃતિક સમૃદ્ધિના પુરાવા છે. મંદિરો અને પ્રાકૃતિક સુવિધાઓ સહિત વિવિધ આકર્ષણો બોટાદને પ્રવાસીઓ માટે એક સુંદર સ્થળ છે.

નિષ્કર્ષમાં, બોટાદના ઇતિહાસ, સંસ્કૃતિ અને સ્વાતંત્ર્ય સંગ્રામમાં યોગદાનનું મિશ્રણ તેને અન્વેષણ કરવા માટે એક આકર્ષક અને બહુપક્ષીય શહેર બનાવે છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

## બોટાદની ઐતિહાસિકતાના છબિચિત્રો





Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar





Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar





## સંદર્ભસૂચિ


- કોરાટ, (ડૉ) પી.જી, જાની, (ડૉ) એસ.વી. અને ભાલ, (ડૉ) જે. ડી. (1995). ભાવનગર રાજ્યનો ઇતિહાસ (સંપાદન). અમદાવાદ: પાર્શ્વ પબ્લિકેશન
- ગુજરાત રાજ્ય જિલ્લા સર્વસંગ્રહ : ભાવનગર જિલ્લો
- ચોકસી, યુ.એમ. (1989). ગુજરાત રાજ્ય સર્વસંગ્રહ (ભાવનગર જિલ્લો)
- ચૌહાણ, રાજેશ એ. (2009). બોટાદ અને વલ્લભીપુર તાલુકાના આર્થિક વિકાસનો ઇતિહાસ : ડાયમંડ અને કોટન ઉધોગના સંદર્ભે (ઈ.સ.1984 થી ઈ.સ. 2009). ભાવનગર: ભાવનગર યુનિવર્સિટી
- દેસાઈ (ડૉ.) મહેબૂબ (1992). ભાવનગર પ્રજા પરિષદ અને પ્રજાકીય ચળવળ, ભાવનગર, પ્રથમ આવૃત્તિ
- દેસાઈ, શંભુપ્રસાદ અને હરપ્રસાદ (1957). સૌરાષ્ટ્રનો ઇતિહાસ, રાજકોટ: શ્રી સૌરાષ્ટ્ર સંશોધન મંડળ
- ધનજીશાહ હોરમજી. કાઠિયાવાડ ઇલાકા સંબંધી હકીકત તથા તેની અંદર આવેલા દેશી રાજ્યોનો અહેવાલ અને તેને લગતા તહનામા કોલકરાર
- પંડયા, (ડૉ.) રમેશભાઈ (2006). સૌરાષ્ટ્ર કચ્છ ઈતિહાસ પરિષદનું પંદરમું જ્ઞાનસત્ર પ્રમુખનું પ્રવચન, બોટાદ, 30 ડિસેમ્બર-2006.
- મહેતા કૌ. વિ. ગૌરીશંકર અને ઉ.ઓઝા (1971). ભાવનગર ક્ષેત્રની અસ્મિતા, જૂનાગઢ-1903. ભાવનગર દરબારી ગેઝેટ
- વાનસિયા, વાય. અને જમ્બુકીયા એ. (2020). બોટાદ જિલ્લાના સંદર્ભમાં વેતન, રોજગારી અને સ્થળાંતર સંદર્ભે ખેતમજૂરનો એક અભ્યાસ. Towards Excellence, 12(5).
- Bilgi, M., & Rabari, B. (2022). Pastoralist Women and Entrepreneurship: In-depth Case Studies of Pastoralist Women, Botad & Wankaner, Gujarat, India.
- Gazzette of India: Gujarat state, Bhavnagar District
- Joshi, N. Role Of Cotton Based Industry In Rural Development A Study Of Botad Taluka Dist Bhavnagar.